# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,
## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

ક્રમાંક:- ઇએકસએમ-૪-૧૨૭-૧૬૫૭/૨૦૨૧-૨૨

તા.૦૧/૦૨/૨૦૨૨

## જાહેરનામું

ગુજરાત પંચાયત સેવા (ગુજરાતી ભાષાની પરીક્ષા) નિયમો-૧૯૬૪ જે સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૭/૧૯૬૪ના જાહેરનામા ક્રમાંક:-કેપી/૧૧૮/ પીઆરઆર /૪૬/૬૪/જેએચ થી નિયત કરવામાં આવેલ છે.

૨. અત્રેના જાહેરનામા ક્રમાંક:- ઇએકસએમ-૪-૧૨૭/૫૧૯૭/૨૦૨૧-૨૨, તા.૦૭/૦૯/૨૦૨૧ અન્વયે ગુજરાતી ભાષાકીય પરીક્ષા તા.૧૬/૧૧/૨૦૨૧ અને ૧૭/૧૧/૨૦૨૧ના રોજ જે તે જિલ્લા પંચાયતના મુખ્ય મથકે યોજવામાં આવેલ હતી. સદરહું પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોની લેખિત પરીક્ષાની જવાબવહીઓ તથા મૌખિક પરીક્ષાના ગુણપત્રકો સીલબંધ કવરમાં જે તે જિલ્લા પંચાયતો ધ્વારા મંડળની કચેરીને રૂબરૂમાં મોકલવામાં આવેલ. જે અન્વયે, પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોની લેખિત પરીક્ષાની જવાબવહીઓના સીલબંધ કવરો મંડળ ધ્વારા ખાનગી પ્રાશ્નિકશ્રી પાસે ચકાસણી કરાવવામાં આવેલ અને પ્રાશ્નિકશ્રી ધ્વારા ચકાસણી કરેલ જવાબવહીઓના આધારે તૈયાર કરવામાં આવેલ ગુણપત્રકો તથા મૌખિક પરીક્ષાના ગુણપત્રકોને આધારે તા.૦૧/૦૨/૨૦૨૨ની મંડળ બેઠકમાં ગુજરાતી ભાષાકીય પરીક્ષાનું પરિણામ મંડળ ધ્વારા તૈયાર કરી મંજુર કરવામાં આવેલ છે. આ ભાષાકીય પરીક્ષામાં પાસ થયેલ, નાપાસ થયેલ અને મુકિત મેળવેલ ઉમેદવારોના પરિણામ મંડળ ધ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ, આ સાથેના પરિણામ પત્રક મુજબ ગુજરાતીની ભાષાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨નું પરિણામ આથી જાહેર કરવામાં આવે છે.

સદર પરીક્ષામાં ઉપસ્થિત રહેલા પરીક્ષાર્થીઓ પૈકી કોઇ પરીક્ષાર્થી તેમના જવાબપત્રોની ખરાઇ કરાવવા માંગતા હોય તો, પ્રશ્નપત્ર દીઠ રૂ.૩૦/- ની રકમ અંદાજપત્રના આવક સદર ૦૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો ૧૦૧ પંચાયતી રાજ એકટ હેઠળ આવક (૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા પરીક્ષાની ફોર્મ ફીની આવક સદર ખાતે જમા કરાવી, ચલણની નકલ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે ઉપરોકત પરિણામ પ્રસિધ્ધ થયા તારીખથી ૪૫ દિવસમાં અરજી મંડળને મોકલી શકશે. પરિણામ સંબંધી અન્ય કોઇ પત્રવ્યવહાર મંડળ ધ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

"મંડળના આદેશાનુસાર"

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

બિડાણ:- ગુજરાતી ભાષાકીય પરીક્ષાનું પરીણામ પત્રક તા.૦૧/૦૨/૨૦૨૨

પ્રતિ,

(૧) માન.અધિક મુખ્યસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં.૮, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) માન.વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત તમામ તરફ જાણ, જરૂરી કાર્યવાહી તથા પરિણામની સંબધિત કર્મચારીને જાણ કરવા સારૂ.

**નકલ:-**

(૧) કચેરીના નોટીસ ઉપર તથા મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) સીલેકટ ફાઇલે

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## તા.૧૬-૧૭ નવેમ્બર-૨૦૨૧ નાં રોજ યોજાયેલ ગુજરાતીની ભાષાકીય પરીક્ષા-૨૦૨૧-૨૨નું પરિણામ પત્રક

| અનુ નં. | જિલ્લા પંચાયત | પરીક્ષાર્થીનો બેઠક નંબર | પરીક્ષાર્થીનું પુરૂ નામ | પરીક્ષાર્થીનો હોદ્દો | પરીક્ષાર્થીએ મેળવેલ ગુણ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ગુજરાતી પેપર-૧ (કુલ ગુણ-૧૦૦) | ગુજરાતી પેપર-૨(કુલ ગુણ-૧૦૦) | મૌખિક પરીક્ષાના ગુણ (કુલ ગુણ-૧૦૦) | કુલ મેળવેલ ગુણ (કુલ ગુણ-૩૦૦) | આખરી પરિણામ |
| ૧ | દાહોદ | ૧ | મેરાવત ભાવના ત્રિલોકચંદ્ર | તલાટી કમ મંત્રી | 53 | 54 | 85 | 192 | પાસ |
| ૨ | સુરત | ૧ | ક્રિશ્ચિયન નોએલ સેમસન | એમ.પી.એચ.ડબલ્યુ | 61 | 46 | 82 | 189 | પાસ |

નોંધ:- ૧ સદરહું પરીક્ષામાં ઉપસ્થિત રહેલા પરીક્ષાર્થીઓ પૈકી કોઇ પરીક્ષાર્થી તેમના જવાબપત્રો તપાસીને ગુણ આપવામાં આવેલ છે કે નહીં અને પ્રશ્નવાઇઝ મેળવેલ ગુણનો સરવાળો બરાબર છે કે નહીં તેની ખરાઇ કરાવવા માંગતા હોય તો, પ્રશ્નપત્ર દીઠ રૂ.૩૦/- ની રકમ અંદાજપત્રના આવક સદર ૦૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો ૧૦૧ પંચાયતી રાજ એકટ હેઠળ આવક (૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા પરીક્ષાની ફોર્મ ફીની આવક સદર ખાતે જમા કરાવી, ચલણની નકલ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે ઉપરોકત પરિણામની પ્રસિધ્ધ થયા તારીખથી ૪૫ દિવસમાં અરજી મંડળને મોકલી શકશે.પરિણામ સંબંધી અન્ય કોઇ પત્રવ્યવહાર મંડળ ધ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

નોંધ:- ૨ **PASS= ઉતિર્ણ, FAIL= અનુત્તિર્ણ, EX= EXEMPTION(મુકિત), ABSENT= ગેરહાજર**

**Date:- 01/02/2022**

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ * ગાંધીનગર *